# સ્મૃતિ ગ્રંથ



૧૯૭૪-૭૫

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

## કડી

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

## કડી (ઉ. ગુ.)

# સ્મૃતિગ્રંથ

સને : ૧૯૭૪–૭૫

-: સ્મૃતિગ્રંથ સમિતિ :-

શ્રી નટવરલાલ અમૃતલાલ પટેલ
શ્રી માણેકલાલ મા. પટેલ
શ્રી ધનાભાઈ હ. વકીલ
શ્રી મોહનભાઈ બા. પટેલ
શ્રી ભાઈલાલભાઈ જી. પટેલ (સંવાહક)

★


—: પ્રકાશક :—

શ્રી છગનલાલ રા. પટેલ
શ્રી ધનાભાઈ હ. વકીલ
શ્રી માણેકલાલ મા. પટેલ
મંત્રીઓ
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ–કડી

★

: મુદ્રક :

શ્રી ભાઈલાલભાઈ જી. પટેલ
પાટીદાર મુદ્રણાલય
કડી (ઉ. ગુ.)

## વિષય સૂચી


| | | |
|---|---|---|
| ૧. | સર્વ વિદ્યાલયનું વ્યક્તિત્વ .... ... | ૫ |
| ૨. | પ્રભુના આશીર્વાદ છે .... .... | ૯ |
| ૩. | સંસ્થામાં રાષ્ટ્રપતિનાં પુનિત પગલાં .... .... | ૧૩ |
| ૪. | સંસ્થાની ભૂમા ... .... .... | ૧૫ |
| ૫. | સંસ્થાનો મધ્ય કલાપ .... .... | ૧૯ |
| ૬. | આ સંસ્થાની કોની ? .... .... | ૨૭ |



: આ ભા ર :

જાહેર ખબર આપી સહકાર આપવા બદલ
સર્વે જાહેર ખબર આપનારાઓનો.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ–કડી

## હોદ્દેદારો

પ્રમુખ : શેઠશ્રી અરવિંદપ્રસાદ એન. મફતલાલ — મુંબઈ

ઉપપ્રમુખ : શ્રીયુત રામચંદ્રભાઈ જ. અમીન — અમદાવાદ
માજી. એમ. પી (લોકસભા)

શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ — મહેસાણા
માજી. એમ. પી. (લોકસભા)

### : મંત્રીઓ :

શ્રી છગનલાલ શ. પટેલ બી. એ. એલ. એલ. બી વકીલ — અમદાવાદ

શ્રી ધનાભાઇ હ. વકીલ એલ. એલ. બી. વકીલ — કડી

શ્રી માણેકલાલ એમ. પટેલ બી. એ. એલ એલ. બી. — કડી

### —: સભાસદો :—

| | | |
|---|---|---|
| ૧ | શેઠશ્રી પ્રભુદાસ કીશોરદાસ બીડીવાળા | અમદાવાદ |
| ૨ | શ્રી પુરુષોત્તમદાસ ભોગીલાલ છીંકણીવાળા | અમદાવાદ |
| ૩ | શ્રી નાગરદાસ બહેચરદાસ પંચાલ | અમદાવાદ |
| ૪ | શ્રી છોટાલાલ મગનલાલ રૂ ના વહેપારી | કડી |
| ૫ | શ્રી નટવરલાલ અમૃતલાલ પટેલ એમ પી. લોકસભા ] | કડી |
| ૬ | ડૉ.. સોમાભાઈ સી દેસાઈ | અમદાવાદ |
| ૭ | ડૉ. ત્રિભોવનભાઇ એન. પટેલ એમ. ડી., એફ. આર. સી એસ. | અમદાવાદ |
| ૮ | શ્રી નવીનચંદ્ર પ્રહલાદજી | અમદાવાદ |
| ૯ | શ્રી પદ્મકાન્ત રતિલાલ દેસાઇ ઇન્સ્યુરન્સ એજન્ટ | અમદાવાદ |
| ૧૦ | શ્રી હરગોવિંદભાઇ ધનાભાઈ પટેલ બી. કોમ ટેક્ષ પ્રેકટીશનર | મહેસાણા |
| ૧૧ | શ્રી વનમાળીદાસ મગનલાલ પટેલ રૂ ના વહેપારી | કડી |
| ૧૨ | શ્રી કાળીદાસ ઝીણાભાઇ પટેલ પ્રમુખ : તાલુકા પંચાયત | વામજ |
| ૧૩ | શ્રી અશ્વિનભાઇ ડી. પટેલ એમ. એ, બી. એડ. | કલોલ |
| ૧૪ | શ્રી મોતીભાઇ ભીખાભાઇ મારફતીયા | અમદાવાદ |
| ૧૫ | શ્રી વિઠ્ઠલદાસ બહેચરદાસ છીંકણીવાળા | કડી |

—×—

# દાનવીર



**સ્વ. શેઠશ્રી મફતલાલ ગગલભાઈ**

જેમના તરફથી અને જેમના પુત્રો અને પૌત્રો
તરફથી આ સંસ્થાને હરહંમેશ ઉદાર
મદદ મળી છે અને મળ્યા કરે છે.

❀

દાનવીર



સ્વ. શેઠશ્રી નવીનચંદ્ર મફતલાલ

## દાનવીર



શેઠશ્રી અરવિંદપ્રસાદ નવીનચંદ્ર મફતલાલ

## દાનવીર



**સ્વ. પ્રાણસુખલાલ મફતલાલ**

જેમનું નામ સર્વ વિદ્યાલય — હાઈસ્કૂલ
સાથે જોડવામાં આવ્યું છે.

## દાનવીર



**શેઠશ્રી જયકૃષ્ણભાઇ હરિવલ્લભદાસ**

જેમની તરફથી પુસ્તકાલય માટે ૫૦ હજારની દેણગી જાહેર કરવામાં આવી છે.

ટેલીફોન નં. ૨૩૭૭ ઓડીટ વર્ગ (અ) ટેલી.એડ્રેસ ' ફાર્મરબેંક '

# ધી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી.

## મહેસાણા

### સ્થાપના સને ૧૯૧૬-૧૭

હેડ ઓફીસ, રાજમહેલ રોડ, મહેસાણા

-: શાખાઓ :-

ચાણસ્મા, વિસનગર, વિજાપુર, કલોલ, વડનગર, માણસા, કડી, સિદ્ધપુર, પાટણ, ખેરાળુ,
હારીજ, ઉંઝા, ઝોટાણા, સમી, લાડોલ, બેચરાજી, કલ્યાણપુરા, નારદીપુર, ઉમતા,
સતલાસણા, કાકોશી, મણુંદ, સીપોર, કુકરવાડા, લોદરા, ચરાડા, મેર્ડા-આદરજ,
બ્રાહ્મણવાડા, સોજા, ગોઝારીયા, લાંઘણજ, સરદારપુર, ધીણોજ,
કહોડા, ઝુલાસણ, કડા, સુંઢીયા અને મોઢેરા.

| | | | |
|---|---|---|---|
| વસુલ આવેલ શેર ભંડોળ | રૂા. ૧૨૪૮૫૭૦૦ | થાપણો (ડીપોઝીટસ) | રૂા. ૧૨૦૮૪૬૬૬૫ |
| રીઝર્વ તથા બીજા ફંડો | રૂા. ૧૧૦૭૮૫૦૪ | વર્કીંગ કેપીટલ | રૂા. ૧૫૧૯૦૭૯૦૫ |

**આ બેંક મહેસાણા જિલ્લા માટે તમામ સહકારી મંડળીઓની, મધ્યસ્થ નાણાં ધીરનારી સંસ્થા તરીકે કામકાજ કરે છે.**

**આ બેંક તમામ પ્રકારનું બેંકીંગ કામકાજ કરે છે.**

**આ બેંકની મુખ્ય ઓફીસ (મહેસાણા) તથા વિસનગર, પાટણ, ચાણસ્મા, હારીજ, કડી, વિજાપુર અને ખેરાળુ શાખાઓમાં સેઈફ ડીપોઝીટ વોલ્ટની સગવડ છે.**

—: વધુ વિગત માટે રૂબરૂ મળો યા લખો :—

**નટવરલાલ અમરતલાલ પટેલ**
પ્રમુખ

**વેલજીભાઈ બી. પટેલ**
મેનેજર

**આત્મારામ એમ. પટેલ**
ઉપ-પ્રમુખ

# પ્રિય સર્વ વિદ્યાલય સોહે !

પ્રિય સર્વ વિદ્યાલય સોહે !
પ્રાણ થકી પ્રિય અમ અંતરનું
પરમ ધામ ઉર રાજે.... .... ....
પ્રિય સર્વ વિદ્યાલય સોહે !

લીલુડી ધરણીને હૈયે,
નીલ વ્યોમામ્બરને છાંયે,
હૈયે હૈયાં જ્યાં ડોલે.
પ્રતિદિન નિરખીએ તોયે અમને
નિત્ય નૂતન એ ભાસે.... .... ....પ્રિય

રસભર આંબાની ડાળે,
શીતળ સુરભિભર કુંજે,
જ્યાં પંખીડાં નિત કૂંજે.
જ્યાં અરૂણરંગી પરભાતતણા ને
સાન્ધ્યરંગ નિત સોહે.... .... ....પ્રિય

જ્યાં જ્ઞાનકિરણ ફૂટે છે,
સેવાનાં સૂત્ર શિખાવે,
અમ જીવનને અજવાળે.
અમ જીવન તન મનને વિકસાવે
સ્નેહસરિત રેલાવે .... .... ....પ્રિય

અમ બેન બંધુને હૈયે,
વિદ્યાલય ગુંજે પ્રાણે,
અમ જીવન જીવન એ વ્યાપે,
અમ ભાઇ ભાઇને એક મને એ
સ્નેહસૂત્રથી બાંધે.... .... ....પ્રિય

—સ્વ. ઉમેદભાઇ

# સર્વ વિદ્યાલયનું વ્યક્તિત્વ

ભાઈલાલભાઈ જી. પટેલ

પાટીદાર સમાજ તરફથી શરૂ થયેલી આ સંસ્થાનું નામ તે જમાનાની ચીલા-ચાલુ રૂઢિ પ્રમાણે પાટીદાર આશ્રમ અને પાટીદાર વિદ્યાલય રાખવામાં આવેલું. તે જમાનામાં લોકો તરફથી-સમાજ તરફથી ચાલતી સંસ્થાઓ જૂજ હતી અને જે ચાલતી તે છાત્રાલયો અને બોર્ડીંગો ચાલતી. અને તે બધી કોઈ જ્ઞાતિના નામ સાથે જોડાએલી હતી, જેવી કે બ્રાહ્મણ બોર્ડીંગ, જૈન બોર્ડીંગ, અનાવિલ છાત્રાલય, વૈશ્ય બોર્ડીંગ, વગેરે. રૂઢિ પ્રમાણે નામની બાબતમાં આ સંસ્થાનું પણ બનેલું પરંતુ આ સંસ્થાનાં દ્વાર શરૂઆથીજ સર્વ કોમ માટે ખુલ્લાં હતાં બીજી કોમના વિદ્યાર્થીઓને શરૂઆતથી જ દાખલ કરવામાં આવતા.

પાટીદાર વિદ્યાલયનું નામ તેના કાર્ય અને ભાવનાના વિશાળ ક્ષેત્રને અનુરૂપ ન હતું તેથી પાંચેક વર્ષ પછી તે નામ બદલવાનો વિચાર કરવામાં આવ્યો.

નવીન નામ પાડવું સહેલું હશે પરંતુ નામ બદલવું એટલું સહેલું નથી હોતું, જન્મની સાથે નામ પાડવું એમાં માત્ર સારું નામ શોધી કાઢવાનો અને નામ પાડનારની પસંદગીનો સવાલ હોય છે. નવજાતના ગુણ–કર્મ સ્વભાવ વગેરે સાથે તેનું સાયુજ્ય યોજવાનો ત્યાં પ્રશ્ન ઉઠતો નથી. પરંતુ નામ બદલવાના પ્રસંગે તો નામ-ધારીનું વ્યક્તિત્વ વિકસ્યું હોય છે, તેનાં ગુણ-કર્મ સ્ફૂટ થયેલાં હોય છે. એટલે નવીન નામ પાડવા માટે તે બધાનો વિચાર કરવો પડે. અને તે બધાની અસર નવીન નામ પસંદ કરવાના નિર્ણય ઉપર પડયા સિવાય પણ ન રહે.

પાટીદાર વિદ્યાલયનું જે સાર્વજનિક અને સર્વદેશીય સ્વરૂપ વિકસ્યું હતું, તેણે પોતાના આદર્શનો જે ધ્રુવતારક સાધ્યો હતો તેને પૂરેપૂરું વહન કરી શકે તેવું નામ શોધવાનો પ્રયત્ન અને વિચારવિમર્શ શરૂ થયો.

તે વખતે ઘણાં નામોનો વિચાર થયેલો પ્રતાપ, આદર્શ, સાર્વજનિક, ઉમા, સર્વ અને એવાં બીજાં ઘણાં નામોનો વિચાર થયેલો. તેમાંથી **'સર્વ'** પસંદ થયું અને આ સંસ્થા **'સર્વ વિદ્યાલય'** બની. આ નામ તેના વિકસેલા વ્યક્તિત્વને અને આદર્શને ઘણું જ અનુરૂપ બન્યું અને ઉપરાંત તે તેના ભાવિના વિકાસનું વાહક પણ બન્યું.

સંસ્થાના તે વખતના પ્રમુખ પ્રો. સ્વામીનારાયણ સાહેબ તેમના ગણિતશાસ્ત્રના વિષય ઉપરાંત સંસ્કૃતના સારા વિદ્વાન હતા. તેઓએ અસહકારમાં ગુજરાત કોલેજના પ્રધ્યાપકની નોકરી છોડેલી અને રાષ્ટ્રીય કેળવણીના કામમાં પડેલા. કેટલોક વખત ગુજરાત વિદ્યાપીઠમાં પણ કામ કરેલું. તે વખતે વડોદરામાં દેશપાંડે, કાકાસાહેબ કાલેલકર, અને બીજાઓએ મળીને એક રાષ્ટ્રીય શાળા શરૂ કરેલી. તેનું નામ હતું "ગંગનાથ ભારતીય સર્વ વિદ્યાલય." પ્રો. સ્વામીનારાયણ સાહેબ તેમાં રસ લેતા અને કેટલોક સમય તેમાં માનદ્ સેવાઓ પણ આપેલી. થોડો સમય ચાલી તે શાળા બંધ પડેલી પરંતુ સ્વામીનારાયણ સાહેબના ચિત્તમાં તેની ઊંડી સ્મૃતિ ભરાઈ રહેલી તે આ વખતે બહાર આવી. બધાને અપરિચિત લાગતું 'સર્વ વિદ્યાલય' નામ સ્વામિનારાયણ સાહેબને પરિચિત હતું, એટલે તેણે બધાના મનમાં પ્રવેશ કર્યો.

શિવ અને વિષ્ણુ ભગવાનનાં બીજાં નામ 'સર્વ' છે. પાટીદાર સમાજ શિવપત્ની ઉમાને પોતાની કુળદેવી તરીકે પૂજે છે. એટલે પાર્વતીપતિનું નામ તેમનાં પ્રયત્નના ફળ સાથે જોડાય તે પણ ઉચિત લાગેલું. ઉપરાંત ખેડૂત
દુનિયાના ભરણ-પોષણ માટે ધાન્યાદિ પે
છે. એટલે તેને જગતનું ભરણપોષણ કર
બિરૂદ મળેલું છે. જગતનું ભરણપોષણ
તરીકે ભગવાન વિષ્ણુને માનવામાં આવ
તેમનું બીજું નામ પણ 'સર્વ' છે. એ
પણ ઘણી બંધ બેસતી લાગી અને "
વિદ્યાલય" નામની પસંદગી થઈ.

આમ રૂપ - ગુણનું યથાર્થ દર્શન
શકે એવું અને જીવનના વિશાળ પટ
વિસ્તારતા સંકેતવાળું નામ પ્રાપ્ત થયું. ના
યથાર્થ પડે પરંતુ તે પછી તેનું પ્રતિબિંબ
ધારીમાંથી ન ઊઠે તો નામનું અવમૂલ્યન થઈ
છે. પરંતુ આ સંસ્થાના સંદર્ભમાં તો તેનુ
શિક્ષણના એક વિશિષ્ટ ખ્યાલનું વાહક બન

સર્વ એટલે બધું તો ખરું જ પણ
અર્થ 'સંપૂર્ણ' પણ છે. બધા જ લોકોની
વણી તો ખરી પણ સર્વાંગી કેળવણી એ
સંસ્થાનો આદર્શ રહ્યો છે. ચાલુ ચીલાની બૌ
કેળવણી ઉપરાંત સ્વાશ્રયી જીવનની તા
હાથપગની કેળવણી, ઉદ્યોગ અને ટેકનીકલ
વણી અને હૃદયની કેળવણી તેની ભૂમિ
સારી રીતે વિકાસ પામી છે.

માણસ જે ઘરમાં, કુટુમ્બમાં સમાજમાં
વાતાવરણમાં ઉછર્યો હોય છે તેની અસર
જીવન અને વિચાર અને કર્મ ઉપર પડે છે
તે પ્રમાણે તેનું વ્યક્તિત્વ ઘડાય છે. તેવી
સંસ્થા જે સમાજમાં જન્મી, જેનાથી
પોષણ પામી વિકાસ પામી, અને જે વાતા
શ્વાસ લેતી હોય તેની અસર તેના વ્યક્તિ
ઘડતરમાં થાય છે.

આ સંસ્થા ખેડૂત સમાજમાં જન્મી છે. તેના વડે પોષણ પામી છે અને તે જ ગ્રામજીવનમાં જીવન–ધબકારા કરી રહી છે એટલે આ સંસ્થાના વ્યક્તિત્વમાં ખેડૂતજીવનનાં–ગ્રામ તત્ત્વો ઉપસી આવ્યાં છે.

વરસાદ આવશે જ એ શ્રદ્ધાએ ખેડૂતો ખરા તાપમાં જમીન ખેડી રાખે છે. અદકી શ્રદ્ધાથી વરસાદ આવ્યા પહેલાં કોરી જમીનમાં બી પણ નાખી થાપણીયું કરી રાખે છે. એવી જ શ્રદ્ધાથી સર્વ વિદ્યાલયે નવીન પ્રવૃત્તિઓ શરૂ કરવામાં કર્યું છે. તેમાં સફળતા પણ મળી છે અને નિષ્ફળતાય મળી છે. ખેડૂતની જેમ. છતાં ખેડૂતની જેમ તેની પણ શ્રદ્ધા કદી ઓછી થઈ નથી. શ્રદ્ધાપૂર્વક તે હરહંમેશ નવીન કામ હાથ ઉપર લેતું જ રહ્યું છે.

વરસાદ પડે અને જમીનમાં વરાપ થાય ત્યારે ખેડૂત રાતદિવસ જોયા સિવાય વાવણી કરી નાંખે છે. ઘણી વખત વરાપનો ઉપયોગ કરી લેવાની તલપમાં તે ઘણું વાવી નાંખે છે પરંતુ તેને ખ્યાલ રહેતો નથી કે પાછળ વરસાદ નહિ આવે તો કૂવાથી પહોંચી શકાશે કે નહિ. વાવું છું એટલું સાચવવાનો, ઉછેરવાનો, લણવાનો અને ઘરભેગું કરવાનો જોગ છે કે કેમ તેની ગણત્રી પણ ઓછી કરતો હોય છે. તેવું સર્વ વિદ્યાલયના જીવનમાં બન્યા કરતું હોય છે. આવી બાબતમાં નફાનુકશાનના આંકડા મૂકવાનું વલણ ખેડૂતનું હોતું નથી એવી રીતે સર્વ વિદ્યાલયે આવા આંકડા મૂકયા નથી. કારણકે તેને શ્રદ્ધા છે કે શુભ નિષ્ઠાથી કરેલાં કાર્યો નિષ્ફળ જતાં નથી; તેનું પરિણામ પ્રત્યક્ષ નહિ તો પરોક્ષ, નજીકનું નહિ તો દૂરનું, સ્વના લાભનું નહિ તો પરના લાભનું આવે જ છે અને તે શુભકર હોય છે.

ખેડૂત જે કંઈ મહેનત કરે છે–ઉત્પન્ન કરે છે તે બહુધા બીજાઓ માટે હોય છે. જનસમાજના પોષણ માટે ધાન્યાદિ ઉત્પન્ન કરવામાં તે માત્ર પોતાનો વિચાર કરતો નથી–જોકે ખેતી એ જીવન-નિર્વાહનો વ્યવસાય ગણાય છે છતાં પોતાની પેદાશમાંથી તે તો માત્ર જીવનનિર્વાહ પૂરતું પરાણે પામે છે, બીજું બધું અન્યને માટે જાય છે, છતાં તેને તેની ગણત્રી હોતી નથી. ઉદારભાવે, સંન્યાસીભાવે, ઋષિભાવે તે પોતાની અને જનસમાજની પોષણ પ્રવૃત્તિમાં નિષ્ઠાપૂર્વક વળગેલો જ રહે છે. સર્વ વિદ્યાલયના વ્યકિતત્વમાં આ ઉદારતાનું અને પરગજુપણાનું તત્ત્વ મૂળભૂત રીતે વણાઈ ગયું છે.

સર્વ વિદ્યાલય ધરતીનું છોરું છે. તેનામાં ધરતીનું ખરબચડાપણું છે પણ કઠોરતા નથી. તેનામાં નાગરિકતાનો આંજી નાંખે તેવો રંગ નથી. તેનામાં ઘાટઘુટ ઓછાં આકર્ષક હશે તો નગરની મર્યાદિત સીમાઓ પણ નથી. તેનામાં આકર્ષણવૃત્તિ અને પ્રદર્શનવૃત્તિ નથી તો અતડાપણું પણ નથી. ખુલ્લા હૃદયની આત્મીયતા તેનું આકર્ષણ છે.

સર્વ વિદ્યાલયનાં મૂળ ધરતીમાં છે, તેના દેહમાંથી ધરતીની ફોરમ આવે છે, શિવ અને વિષ્ણુ (કલ્યાણ અને પોષણ) તેના ઉપાસ્ય દેવ છે, સર્વને માટે સર્વાંગીણ વિકાસના ધ્યેયને તે વરેલી છે.

રાજતી અને સોહતી સર્વ વિદ્યાલયનું આ વ્યકિતત્વ છે.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ – કડી

## પ્રવૃત્તિઓ

રા. ર. શેઠશ્રી પ્રાણસુખલાલ મફતલાલ
સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ – કડી

❀

સાયન્સ કૉલેજ – કડી

❀

ટેકનીકલ હાઈસ્કૂલ – કડી

❀

પ્રિ. વૉકેશનલ ટ્રેઈનીંગ સેન્ટર – કડી

❀

ફાર્મમિકેનિક કોર્સ – કડી

❀

નવીન સર્વ વિદ્યાલય – હાઈસ્કૂલ – વડનગર

❀

આઇ. એમ. જે. સર્વ વિદ્યાલય – હાઇસ્કૂલ – બલોલ

❀

હાઇસ્કૂલો અને કૉલેજ માટેનાં છાત્રાલયો

❀


હાર્દિક શુભેચ્છાઓ ..

**મીસ્ત્રી પ્રહલાદભાઈ કાળીદાસ આયર્ન**
**એન્ડ બ્રાસ ફેક્ટરી**

સરસપુર – રંગશાળા કંપાઉન્ડ
અમદાવાદ – ૧૮
ટેલીફોન નં. ૩૨૧૩૯

# પ્રભુના આશીર્વાદ છે

**પુરુષોત્તમદાસ પટેલ**

આપણી સંસ્થા ખૂબખૂબ વિકસી છે અને વિકસતી જાય છે. એના ઉપર પ્રભુના આશીર્વાદ છે.

સરઢવ મુકામે સૌથી પ્રથમ આગેવાનોની સભા તા. ૮-૬-૧૯૧૯ના રોજ થઈ તેમાં કેળવણી મંડળની સ્થાપનાનો ઠરાવ થયો. તેમજ બોર્ડીંગ શરૂ કરવાનો નિર્ણય કર્યો. પણ બોર્ડીંગ ક્યાં શરૂ કરવી તેનો નિર્ણય નહિ થયેલો.

પૂ. છગનભાનું ગામ સરઢવ. ત્યાં સભા થઈ તેમાં તેમણે આગળ પડતો ભાગ લીધો. તેમણે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી બોર્ડીંગ શરૂ ન થાય ત્યાં સુધી પોતે મિષ્ટાન્ન લેવું નહિ. તેઓએ ગામડે ગામડે પ્રચાર અને પૈસા માટે ફરવા માંડયું. આમ આ શુભ કામ આરંભાયું.

એ અસલ જમાનો. જ્યાં જાય ત્યાં લાપસીનાં આંધણુ મૂકાય. છગનભાની પ્રતિજ્ઞા આગળ આવે. વાતાવરણમાં કુતૂહલ ઊભું થાય. વાતનો તંતુ ચાલે અને આખા ગામમાં આ નવતર કામની અને તે કરવા નીકળેલાઓની વાત ફેલાઈ જાય. 'લાપસીની ના' ને પગ આવ્યા – પાંખો આવી. આ ગામ પેલે ગામ ચારે બાજુ ફેલાઈ ગઇ.

આ કામમાં શેરથા ગામના આગેવાનોનો સાથ હતો. મેડા-આદ્રજના આગેવાન શ્રી માધવજીભાઇ અને શ્રી ધનશા ભગત છગનભા સાથે જોડાયા. કામની જમાવટ પડી.



ખાખચોકનું મંદિર



અમીનનું ડહેલું

સંવત ૧૯૭૬ ના ચૈત્ર સુદ ૨ (તા. ૨૨-૩-૨૦) નો શુકનવંતો દિવસ ઊગ્યો તે દિવસે કડીમાં બોર્ડીંગની શરૂઆત કરી. ભાડાના મકાનમાં સાત વિદ્યાર્થીઓ સાથે લાપસીના શુકન કરી ભગીરથ કાર્યના છગનભાએ શ્રીગણેશ માંડ્યા.

તે વખતે કડીમાં અંગ્રેજી શિક્ષણની સગવડ. કડી જિલ્લાનું મુખ્ય મથક. આજુબાજુના ગામોનો સાથ મળી રહેવાની ધારણાએ કડીને પસંદ કર્યું અને છગનભાએ કેડ બાંધી.

શરૂમાં બોર્ડીંગની દેખરેખનું કામ શ્રી વિઠ્ઠલભાઇ રણછોડદાસ પટેલે માંથે લીધું અને ફંડ વગેરેનો હિસાબ કડીની જાણીતી પેઢી ખોડીદાસ ઝવેરદાસને ત્યાં રહેતો.



અમીનનું રામજી મંદિર

સંખ્યા વધતાં કાયમી વ્યવસ્થા ગોઠવાઇ. વિરમગામના વતની શ્રી કુબેરદાસ છોટાલાલ. તેમણે પ્રાથમિક શાળા ખાતાની નોકરી અસહકાર નિમિત્તે છોડી દીધેલી. સિનિયર ટ્રેઈન્ડ થયેલા એટલે આ ક્ષેત્રના જાણકાર. તેઓએ આશ્રમના કામની જવાબદારી ઉપાડી લીધી. તે આપણા પહેલા ગૃહપતિ અને કર્મચારી. તેઓ ૨૮-૧૧-૧૯૨૦ ના રોજ જોડાયેલા.

છગનભા ગામડે ગામડે ફરે જે મળે તે ભેગું કરે. અનાજ આપે તેનું અનાજ લે, આઠ આના રૂપિયો આપે તે પણ હોંશથી લે. પરંતુ તે વખતે જમાનો એવો કે માગો તો શકિત પ્રમાણે પૈસા કે અનાજ લોકો આપી છૂટે પણ ભણનારા ન મળે. બાળકોને ભણવા ન મોકલે. એટલે છગનભાએ પૈસા ઉઘરાવવા સાથે છોકરાઓની પણ ભીખ માગવા માંડી "તમારા છોકરાને ભણવા મોકલો".



બંદુક સાહેબની હવેલી
( હાલનું બકરાવાળા બીલ્ડીંગ )

છગનભાની આ પ્રવૃત્તિને હસી કાઢનાર પણ ઘણા હતા. ઘડપણમાં ગાંડપણ હાલ્યું છે એમ કહેતા. પરંતુ તેની અસર છગનભા ઉપર થતી ન હતી. બધું શાંતિથી સાંભળી સહન કરી લેતા. તેમને થતું કે કેટલું બધું કામ કરવાનું છે! તેમણે કેડ તો બાંધી હતી પણ આવા પ્રસંગે કેડને ફરીને કસીને બાંધતા. તેમના જીવનમાં નિરાશા તો હતી જ નહિ.

બોર્ડીંગમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી ગઈ. રામજી મંદિરનો મેડો, બાકચોકનો મેડો, અમીનનું ડહેલું એમ એક પછી એક મકાન ભાડે રાખતા ગયા, બદલતા ગયા અને બધાની જ્યાં ત્યાં સગવડ કરતા ગયા.



ડાબેથી બીજા : શ્રી પોપટભાઈ, ત્રીજા : શ્રી કુબેરભાઈ, ચોથા : શ્રી છગનભાઈ.

ડાબેથી પ્રથમ : શ્રી ચુનીભાઈ ધનજીભાઈ તથા પાંચમા : શ્રી પોપટલાલ મગનલાલ જેઓ થોડા સમય પછી શિક્ષક તરીકે જોડાયેલા

વિદ્યાર્થીઓનો ઉમંગ અને કામ કરનારાઓનો ઉમંગ ભારે. બધું જાતે કરવાનું. ઘણી વખત, રાંધો જાતે, વાસણ માંજો જાતે, પાણી ભારે જાતે, અવાવરાં મકાનો સાફસૂફ કરો જાતે. કોણ નાનું કે કોણ મોટું ! કોણ શિક્ષક કે કોણ વિદ્યાર્થી ! બધા એક સાથે, એક હરોળ.

વિદ્યાર્થીઓ તે વખતે કડીની એ. વી. સ્કૂલમાં ભણવા જતા. આ સ્કૂલ કોટની અંદર આવેલી. જેલની જૂની બરાકોમાં બેસતી, તેમાં દરેક ધોરણનો એક એક વર્ગ, બીજો વર્ગ કરવાની જગા નહિ. અને સરકારી તંત્રમાં કોને પડી હોય તે એ બધી કડાકૂટમાં પડે ?

બોર્ડીંગમાં સંખ્યા વધી અને વિદ્યાર્થીઓના પ્રવેશનો પ્રશ્ન મુંઝવવા લાગ્યો. કેટલાય વિદ્યાર્થી દાખલ થયા સિવાય રહી જાય. નવા વિદ્યાર્થીઓને લઈ ન શકાય. પ્રયત્નો કરવામાં આવે પણ કંઈ મેળ ન પડે.

શું કરવું ? મોટો પ્રશ્ન થઈ પડયો. બોર્ડીંગનો વિકાસ અટકી પડવા જેવું થયું. સાથે સાથે બોર્ડીંગની સંખ્યા વધતી ગઈ તેમ તેમ તેનું ખર્ચ વધતું ગયું. આવક કરતાં ખર્ચ વધે. દેવું વધ્યે જાય.

આમ છતાં આપણી શાળા શરૂ કર્યા સિવાય છૂટકો ન હતો. અસહકારનો યુગ, શાળા કોલેજના બહિષ્કારનો જમાનો અને રાષ્ટ્રીય શિક્ષણની ભાવનાથી ભરેલું વાતાવરણ હતું.



શ્રી પુરુષોત્તમદાસ પટેલ
જેઓ શરૂઆતના ચાર શિક્ષકો પૈકી એક હતા.

એ સમયે શ્રી પોપટભાઈ સરકારી કોલેજ છોડી ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠમાં જોડાઇ સ્નાતક થઇને ઘેર આવેલા. શ્રી છગનભાઈ પણ સરકારી કોલેજ છોડી વિદ્યાપીઠમાં અભ્યાસ માટે જોડાયેલા. એમના દિલમાં પણ સમાજ માટે કંઈ કરી છૂટવાની ભાવના અને તમન્ના.

શ્રી પોપટભાઈ અને શ્રી છગનભાઇ સેવા આપવા તૈયાર થયા. શ્રી કુબેરભાઈ તો બોર્ડીંગના કામમાં આવી જ ગયા હતા અને ચોથો હું તો હતો જ.

શરૂના ત્રણ ધોરણમાં એક હેડમાસ્તર અને ત્રણ શિક્ષકો જોઇએ. એ થઈ રહ્યા અને શાળા શરૂ થઇ ગઈ. શ્રી પોપટભાઇ શરૂના હેડમાસ્તર બન્યા અને અમે ત્રણ શરૂના શિક્ષકો બન્યા.

આમ શાળાની શરૂઆતમાં જ રાષ્ટ્રીયભાવનાથી પ્રેરાયેલા શ્રી પોપટભાઈ, શ્રી છગનભાઇ તથા શ્રી કુબેરભાઇ સંસ્થાને મળ્યા એમાં ઇશ્વરનો હાથ જ હોવો જોઇએ.

મકાનો તો ભાડાનાં જ શોધવાનાં હતાં. શરૂઆતમાં ખાખચોક, અમીનનું ડહેલું અને અમીનના રામજીમંદિરનાં જુદાં જુદાં મકાનોમાં બોર્ડીંગ અને શાળાનો જેમતેમ કરીને સમાવેશ કર્યો.

શાળા તરફ વિદ્યાર્થીઓનું આકર્ષણ વધ્યું. બોર્ડીંગની સંખ્યા પણ વધતી જતી હતી એટલે શાળા માટે મોટા મકાનની જરૂર પડી.

કડીની મધ્યમાં આવેલ મામલતદાર કચેરી પાસેનું બંદુક સાહેબની હવેલીના નામે પ્રખ્યાત મકાન ( હાલનું બકરાવાળા બીલ્ડીંગ ) તે વખતે બંધ હાલતમાં અવાવરૂ પડયું હતું. તેના ઉપર નજર ગઈ. એ મકાનનો મેડો ભાડે રાખ્યો. પછીથી નીચેનો પણ કેટલોક ભાગ રાખેલો. આ મકાન વર્ષો થયાંનું બંધ અને અવાવરૂ. તેની સાફસૂફીનું કામ પણ એક મહાભારત કામ. શિક્ષકો અને વિદ્યાર્થીઓએ મળીને તેની સાફસૂફી કરી. તેમાંથી ટોપલા બંધ નહિ પણ ગાડા બંધ કચરો ઉથામી બહાર કાઢયો અને મકાનને શાળાને બેસવા લાયક બનાવ્યું. થોડા દિવસ રસોડું પણ એમાં ચલાવેલું. થોડા વિદ્યાર્થીઓ પણ રહેતા.

તળાવ ઉપરના અને ભાગોળના મકાનોમાંથી શાળાને કડીના મધ્યભાગમાં વસાવી. શાળા લોકોની નજરે પડી. કામ વ્યવસ્થિત અને સારી રીતે ચાલવા લાગ્યું શાળાની પ્રતિષ્ઠા જામી અને સંખ્યામાં વધારો થવા લાગ્યો. બકરાવાળા બીલ્ડીંગ અને મામલતદાર કચેરી વચ્ચેના ચોકમાં શાળા વાર્ષિક ઉત્સવો ઠાઠથી ઉજવતી અને લોકો હેકડેઠઠ જમા થઈ જતા.

આ બધા માટે છગનભાને ગામડે ગામડે ફંડફાળા માટે ફરવું પડતું. એ લાવે તેના કરતાં અમારું ખર્ચ આગળ વધતું. દેવું વધ્યે જતું. ઉઘરાણીયા ઉંબરા ઘસી નાંખે. ધીરધાર બંધ થાય. વહેવાર અટકી પડે એવા કપરા દિવસો પણ જોતા

ઉપાધી અડચણોનો પાર નહિ અને ઉત્સાહ-ઉમંગનો આંક નહિ. પ્રભુ સર્જિત આ બંને અથડાય અને પ્રભુના આશીર્વાદ ઉતરી આવે. બધાને દેશનું કામ કરી રહ્યાનો ભારે ઉત્સાહ.

આ બોર્ડીંગ અને શાળા તે આપણો વિદ્યાર્થી આશ્રમ અને સર્વ વિદ્યાલય. આ બધો તેનો વિસ્તાર. આપણા ઉપર પ્રભુના આશીર્વાદ છે.

# શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કડી. (ઉ. ગુ.)

ઠે. સ્ટેશનરોડ – ભાગ્યોદય જીનની પાછળ

## ખેતીની પેદાશોના વેચાણ માટેની
## એક માત્ર વૈજ્ઞાનિક યોજના તે નિયંત્રિત બજારો

ખેતપેદાશોના ઉત્પાદન
ક્ષેત્રે સ્થાપિત હિતો
નામશેષ થયાં. વેચાણ
ક્ષેત્રે ખેડૂતોને શોષણ
મુક્ત કરવાનો ઉપચાર
અને
ઉપાય કેવળ
નિયંત્રિત બજારો જ છે.

**ધી એગ્રી.
પ્રોડયુસ માર્કેટ
કમિટિ, કડી.
(ઉ. ગુ.)**
-: સ્થાપના :-
૩૧–૧૦–૫૬
☎ 21

ખુલ્લા સોદા,
ખરો તોલ
ખરો હિસાબ
ચોખ્ખો માલ
બહોળો વેપાર
વ્યાપારી શોષણનો અંત

**બજારધારો એક ઉચ્ચ આદર્શ છે અને તેનો અમલ સૌના
હિતમાં સમાજવાદ સ્થાપવા માટે જરૂરી છે.**

## -: ખેડૂત ભાઈઓ :-

તમારા હિતમાં ઘડવામાં આવેલ માર્કેટ ધારાની જોગવાઈઓને સમજીને માર્કેટ ધારાથી મળતી સગવડોનો લાભ ઉઠાવવા માટે તમારી ખેતપેદાશ માર્કેટ યાર્ડમાં લાવીને વેચવાનો આગ્રહ રાખો અને ઘેર બેઠાં માલનું વેચાણ કરવાની જુની પુરાણી પદ્ધતિ છોડી દો.

**માર્કેટ ધારાનું પાલન કરો અને કરાવો.**

કડી માર્કેટ યાર્ડમાં ખેતી ઉત્પન્ન પેદાશોનું ખુલ્લી હરાજીથી વેચાણ થાય છે અને કોઈપણ જાતની ગેરકાયદેસર કપાત સિવાય વેચેલ માલના નાણાં ખેડૂતોને તરત જ રોકડાં મળે છે.

**રસિકલાલ આર. પટેલ**
સેક્રેટરી,
ધી એગ્રી. પ્રોડયુસ માર્કેટ કમિટિ, કડી (ઉ. ગુ.)

**કાળીદાસ ઝીણાભાઈ પટેલ**
ચેરમેન,
ધી એગ્રી. પ્રોડયુસ માર્કેટ કમિટિ, કડી (ઉ. ગુ.)

# સર્વ વિદ્યાલય રાજે !

( બિહાગ–તીન તાલ )

સુંદર સર્વ વિદ્યાલય રાજે !
શિશુ-અંતર જનની–દર્શનથી
સુખ-ભરતી ગાજે .... .... .... ....સુંદર

ભારત-ઉપવન કમનીય કુંજે, ગુર્જર ભોમ પ્રકાશે.
ઉત્તરમાં ત્યાં એક કયારડે, વિધવિધ ફુલડાં હાસે....સુંદર

કૈંક ઝરણુના કલકલનાદે સરિતા સાગર ગાજે,
એ સાગરના ગર્જન–ઘોષે ઝરણુની કિંકિણી બાજે....સુંદર

આ મનના કણુકણુમાં બીજના અંકુર કુમળા હાસે,
સુરભિત કુસુમિત નવપલ્લવ આ ઘટા અડાબીડ ભાસે....સુંદર

આ જ કુટિરમાં ટમટમતો જ્યાં દીપક મંદ પ્રકાશે,
અગણિત તારક અંકિત સૌમ્ય મયંક ગગન વિહાસે....સુંદર

શાન્ત દાન્ત જીવનની ધાત્રી, ધીર વીર રસ પાજે,
જ્ઞાન શકિતને મંગલદાત્રી, યાત્રી અમ સહુ આજે....સુંદર

ફુલ–પરિમલથી, કલકલનાદે, નવપલ્લવને વાસે,
તારક તેજે ભરતભૂમિને, પુલકિત કરશું હાસે....સુંદર

— અનામી

# સંસ્થામાં રાષ્ટ્રપિતાનાં પુનિત પગલાં

પોપટલાલ ગુ. પટેલ

સારો દેશ રાષ્ટ્રીય પ્રવૃત્તિથી ધમધમી રહ્યો હતો. સ્વદેશીની ચળવળ પૂર જોસમાં ચાલતી હતી, અને રાષ્ટ્રીય શાળાઓ ઠેરઠેર શરૂ કરવામાં આવતી હતી. કિંચિત્ રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા યુવકો તે વખતે આ સંસ્થામાં કામે લાગ્યા હતા. છગનભા સંસ્થાના મંત્રી અને કર્ણધાર હતા. પાકટ ઉંમરે થોડુંક લખી વાંચી જાણવા જેટલું અક્ષરજ્ઞાન મેળવી સાધુસંતો અને સંન્યાસીઓનાં પાસાં સેવી હૈયા ઉકેલથી વેદાંતનું જ્ઞાન મેળવી પંચાવન વર્ષની ઉંમરે તેમણે સમાજ–સેવાનો ભેખ ધારણ કર્યો. અમદાવાદના સુપ્રસિદ્ધ સામાજિક કાર્યકર ડૉકટર હરિપ્રસાદ વૃજરાય દેસાઈને સંસ્થામાં અને કડી કસ્બામાં કેટલાક ઉત્સવો-કાર્યક્રમો પ્રસંગોએ આવવા–જવાનું થતાં છગનભા સાથે પરિચય થયેલો ત્યારે છગનભાનું વ્યક્તિત્વ તેમને ખૂબજ અસર કરી ગયું. તે વખતની તેમજ આજની પેઢીને પણ નિરક્ષર અને અભણ જેવી લાગે તેવી વ્યકિતમાં સાચા જ્ઞાનનું કેટલું ઊંડાણ છે અને તે સમાજની કેટલી સુંદર સેવા કરી શકે છે એનું આ દશ્ય-દૃષ્ટાંત છે, એમ એમને લાગ્યું; અને એ ઉપરથી એમણે પૂજ્ય મહાત્માજી સમક્ષ વાતવાતમાં કડીની સંસ્થા અને છગનભાનો પરિચય આપ્યો, અને પાછળથી છગનભાને લઈ મહાત્માજી સાથે મુલાકાત કરાવી. મહાત્માજીએ અનુકુળતાએ સંસ્થામાં આવવાનું જણાવ્યું. તા. ૨૭ જુલાઈ ૧૯૨૯ ને રોજ રાષ્ટ્રપિતાનાં સંસ્થામાં પુનિત પગલાં થયાં તેની આ ભૂમિકા



આજે જ્યારે હું વિચારું છું ત્યારે મને લાગે છે કે સંસ્થાનું એવું કોઈ વિશિષ્ટ કાર્ય નહોતું કે જે મહાત્માજીને સંસ્થાની મુલાકાત લેવાનું પ્રેરે પરંતુ હિમાલય જેવા મહાન, સૂર્ય જેવા તેજસ્વી અને મહાસાગર જેવા ગંભીર એવા મહાત્માજીની ગણત્રીઓ કંઈક જુદી જ હશે. એક વાત ચોક્કસ કે છગનભાની ત્યાગવૃત્તિ અને કોઠાવિદ્યાથી થતી સમાજ સેવાથી મહાત્માજી

સંસ્થાની મુલાકાત માટે પ્રેરાયા. અર્થાત મહાત્માજીને છગનભાના કાર્યક્ષેત્રને બીરદાવવાનું યોગ્ય લાગ્યું અને પરિણામે સંસ્થાને તેમનાં પુનિત પગલાંનો લાભ મળ્યો.

સંસ્થાની તેમની મુલાકાત તદ્દન સાદી અને અને સરળ હતી. બોર્ડીંગના મકાનના વચ્ચેના ચોકમાં પ્લીન્થ સુધી ચણેલા ભાગ ઉપર મહાત્માજીની બેઠક રાખી હતી. છાયા માટે થોડાક ભાગ પૂરતો મંડપ બાંધ્યો હતો. વિદ્યાર્થીઓ કાર્યકર્તાઓ, કડી કસ્બાનો અને કડી તાલુકાનો જન સમુદાય તડકામાં ખૂલ્લામાં બેસી મહાત્માજીનાં શાંતિથી દર્શન કરી શકયા હતા અને તેમનું ટૂંકુ પ્રવચન ખૂબજ શાંતિથી સાંભળ્યું હતું. તે વખતે માઈકની કોઈ વ્યવસ્થા નહોતી.

સંસ્થાના મંત્રીએ પોતાના ટૂંકા નિવેદનમાં સંસ્થાની પ્રવૃત્તિઓ વર્ણવતાં સંસ્થાની ત્રુટિઓનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો. મેટ્રીકના અભ્યાસનું ધ્યેય છે. હરિજનોને શાળામાં દાખલ કરવામાં આવે છે. અભ્યાસક્રમમાં ઉદ્યોગોને સ્થાન આપવામાં આવ્યું છે. જેમાં કાંતણ અને વણાટ પણ છે. પરંતુ સંસ્થાનો દરેક વિદ્યાર્થી દરરોજ અમુક સમય આપે એવી યોજના હજુ થઇ શકી નથી. સંસ્થાએ કોઇ ધનિકો પાસેથી મોટી રકમો મેળવી નથી, પરંતુ ગામેગામથી અને ઘેરેઘેરથી નાનકડી રૂપિયા જેવડી રકમ કે બશેર-પાંચશેર અનાજ ઉઘરાવી સંસ્થાનો નિભાવ થાય છે અને બની શકે તે વિકાસ કરવામાં આવે છે. ( નાણાં વિભાગ ભા.-૧ લો જેમાં સંસ્થાને છેવટ સુધીમાં રૂપિયા સુધીની રકમ કયા ગામથી, કઈ વ્યક્તિ તરફથી મળી તેની નોંધ તુરત જ જડી શકે તેવી રીતે ગોઠવી બહાર પાડવામાં આવ્યો હતો તે મહાત્માજી સમક્ષ રજુ કરવામાં આવ્યો હતો. ) હાલમાં કોઈ સિલક નથી. વિદ્યાર્થીઓ સ્વાશ્રયી જીવન જીવે છે, પ્રસંગોપાત આજુબાજુના ગામડાઓમાં જઈ ફંડ પ્રવૃત્તિ કરે છે. અને બાળલગ્ન, કારજ જેવા રિવાજો સંબંધમાં સંવાદોથી સામાજિક પ્રચાર કરે છે, વગેરે હકીકતો નિવેદનમાં જણાવી હતી.

મહાત્માજીએ છગનભાના આ કાર્યને બીરદાવતાં એકત્ર થયેલી જનતાને કહ્યું હતું કે આ સંસ્થામાં તમારાં બાળકોને દાખલ કરી સારું શિક્ષણ અપાવી શકો છો. સંસ્થા પાસે સિલક નથી એ એક સારી વસ્તુ છે. હરિજનોને તમારા ભાઈબહેન જ ગણો અને એમને અપનાવો. સંસ્થાના મંત્રીએ નિખાલસતાથી ત્રુટીઓ દર્શાવી છે એ નિખાલસતા માટે તેમને અભિનંદન ઘટે છે. છગનભાએ જે આ કાર્ય કર્યું છે તે સુંદર કાર્ય છે તેમની પાસેથી સેવાના પાઠ શીખજો અને એમના જેવા થવા પ્રયત્ન કરજો. આવી સંસ્થાને સમાજ જરૂર પોષશે.

મહાત્માજી બપોરની સાડા અગીઆરની ગાડીથી ઉતર્યા અને પાછા ચારની ગાડીએ વિદાય થયા ત્યાં સુધીનો તેમનો કાર્યક્રમ ભરચક હતો. ઉપરનો મુખ્ય કાર્યક્રમ શરુ થવાને વીસેક મીનીટની વાર હતી, તે વીસ મીનીટમાં નિદ્રા ખેંચી કાઢવાનું તેમણે જણાવ્યું. એ વીસ મીનીટ ઘસઘસાટ ઉંઘી ગયા અને બરાબર વીસમી મીનીટે પોતાની મેળે જ જાગી ગયા. જાહેર સભા, કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપ, વિદ્યાર્થીઓ

[ અનુસંધાન પાન ૧૮ ઉપર ]

# સંસ્થાની ભૂમા

ડૉ. રણજીતભાઇ ( અનામી )

અર્વાચીન ગુજરાતને ઘડનારી દશેક વ્યક્તિ-ઓનાં નામ જો કોઈ મને પૂછે તો તેમાં હું પ્રથમ પાંચ નામ આ પ્રમાણે ગણાવું. (૧) ગાંધીજી (૨) દયાનંદ સરસ્વતી (૩) ગોવર્ધનરામ (૪) શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ અને (૫) રણછોડભાઈ રેંટિયાવાળા. આપણી સંસ્થાનું સદ્‌ભાગ્ય છે કે આમાંના બે વિશ્વખ્યાત ગુજરાતી-ઓએ આ સંસ્થાની મુલાકાતે આવી એની કામગીરીને યોગ્ય અંજલિ આપી છે. આજથી ૪૯ વર્ષ પહેલાં – તા. ૪–૧–૨૬ ના રોજ સ્વ. મહારાજા સયાજીરાવ ગાયકવાડે આ સંસ્થામાં પધારી, દીવાન સાહેબ ને રસાલાની હાજરીમાં જે અંજલિ આપી એને હું એક મહત્વનો ઐતિહાસિક દસ્તાવેજ લેખું છું. “ મારા અમલદારોએ આ સંસ્થા બંડખોર છે એવી માહિતી મને આપી અને તેથી મારી આ સંસ્થાની મુલાકાત મેં રદ કરી હતી. પણ સ્ટેશન ઉપર ફરતાં મારા દિલને થયું કે આ સંસ્થા કેવી બંડખોર છે તે જોઉં અને આવ્યો. સંસ્થાની બધી પ્રવૃત્તિઓ જોઈ, અને આને મારા અમલદારો બંડખોર પ્રવૃત્તિ કહેતા હોય તો હું ઇચ્છું કે મારા રાજ્યના ખુણેખુણામાં આવી બંડખોર પ્રવૃત્તિઓ થાય. ઇંગ્લાંડની સ્કૂલો ઉપરથી એવી સ્કૂલ સ્થાપવા મેં પ્રયત્ન કરેલ પણ એમાં સફળ થયો નહીં પણ **અહીં મારું સ્વપ્ન સિદ્ધ થતું મને લાગે છે.** ”

યાદ રહે કે જ્યારે રાજાશાહીનો મધ્યાહ્‌ન તપતો હતો તે સમયે કેવળ ગ્રીસની લોકશાહીમાં ઉચ્ચારી શકાય એવી આ વીર્યવંતી વાણી છે. મહારાજાની અંજલિમાં ધ્રુવપદ જેવો શબ્દ ‘ બંડખોર ’ છે. આપના ખ્યાલમાં હશે જ, રાજા-શાહી ડીક્ષનેરીમાં એ શબ્દનો અર્થ ? લોકશાહી શબ્દકોષમાં એનો અર્થ પ્રગતિશીલ, ઉદ્દામવાદી એવો થાય છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

એ પછી ત્રીજે જ વર્ષે તા. ૨૭–૭–૧૯૨૯ ના રોજ વિશ્વવંદ્ય પૂ. ગાંધીજી આ સંસ્થામાં એમના ક્રિયાશીલ જીવનના ખાસ્સા સાડા ચાર કલાક ગાળી ગયા એને હું આપણી સંસ્થાનું પરમ સદ્‌ભાગ્ય ગણું છું. એકત્રિત થયેલી બહુરંગી જનતાને ઉદ્‌બોધતાં એમણે કહેલું: “ આ સંસ્થા-

માં તમારાં બાળકોને દાખલ કરી સારું શિક્ષણ અપાવી શકો છો. **સંસ્થા પાસે સિલક નથી એ એક સારી વસ્તુ છે.** હરિજનોને તમારા ભાઈબહેન જ ગણો અને એમને અપનાવો. સંસ્થાના મંત્રીએ નિખાલસતાથી ત્રુટિઓ દર્શાવી છે એ નિખાલસતા માટે તેમને અભિનંદન ઘટે છે. છગનભાએ જે આ કાર્ય કર્યું છે તે સુંદર કાર્ય છે. તેમની પાસેથી સેવાના પાઠ શીખજો અને એમના જેવા થવા પ્રયત્ન કરજો. **આવી સંસ્થાને સમાજ જરૂર પોષશે."** માણસ મરે નહીં ત્યાં સુધી સર્ટીફીકેટ નહીં આપનાર ગાંધીજીનું આ સર્ટીફીકેટ છે. 'સંસ્થા પાસે સિલક નથી એ એક સારી વસ્તુ છે' અને 'આવી સંસ્થાને સમાજ જરૂર પોષશે' મહાત્માજી-નાં આ બે વાકયો વેદવાકયો જેવાં મને લાગ્યાં છે. 'આવી' શબ્દ આપણે માટે ગર્વનો વિષય હોઈ શકે. મહારાજાના 'બંડખોર સંસ્થા' અને મહાત્માજીના 'આવી સંસ્થાના' ના શબ્દના ઉપયોગમાં એક આદર્શને પ્રગતિશીલ સંસ્થાનું શબ્દચિત્ર હું વાંચી શકું છું. "આવી સંસ્થામાં," છેલ્લી અર્ધશતાબ્દીમાં ભણી ગયેલા, લગભગ દશ હજાર જેટલા વિદ્યાર્થીઓએ પોતાની જાતને ધન્ય સમજવી જોઈએ એમ આ મંચ ઉપરથી હું રોશન કરું તો કોઈ વિધ્ન-સંતોષીએ આત્મ-શ્લાઘા કે સંસ્થા પ્રશસ્તિનો દોષ દેવો ઘટે નહીં.

વીસમી સદીના બીજા દાયકામાં જ્યારે હાઈસ્કૂલો ને કૉલેજો 'કેળવણીની દુકાનો' જેવી અને છાત્રાલયો–વીશીઓ અને 'સમાજની સાવકી સંસ્થાઓ' જેવી નામની સંસ્થાઓ હતી ત્યારે આપણી આ સંસ્થા તેના સાચા અર્થમાં 'રાષ્ટ્રીય સંસ્થા' હતી અને છાત્રાલય આદર્શ છાત્રાલય હતું–એમ આજે ય તે ઐતિહાસિક તેમ જ કેવળ નિરપેક્ષ દૃષ્ટિએ પણ લાગશે. આપણું સામાજિક આર્થિક, રાજકીય ને સાંસ્કારિક અસ્તિત્વ મોટે ભાગે આ સંસ્થાને આભારી છે એમ કબૂલ કરવામાં કેવળ અક્ષરજ્ઞાન કરતાં આચારવિચારની શુદ્ધિની સાચી કેળવણી આ સંસ્થામાં પ્રાપ્ત થશે એમ આજથી ચાર દાયકા પહેલાં રાષ્ટ્રપિતા ગાંધીજીએ અમસ્તું નહોતું ભાખ્યું. ગાંધીજીની એ આર્ષવાણી આપણી પ્રેરણા બની રહી અને આજે આપણે જોઈએ છીએ કે આ વિસ્તારની લગભગ બસો હાઈસ્કૂલો અને અઢારેક કૉલેજો એ આદ્ય-વૃક્ષનાં ફળફૂલ છે.

કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે રાષ્ટ્રને પોતાનું આગવું 'જીનીઅસ અને સ્વતંત્ર' મીશન હોવું જોઈએ ત્યાં સુધી જ તેને ટકવાનો અધિકાર છે. કાળેકાળે ઉપસ્થિત થતા યક્ષપ્રશ્નોને હલ કરવામાં એણે અગ્રવૃત્તિ રાખવાની હોય છે. પ્રવાહ પતિતોનો આરો કે ઉગારો નથી છેલ્લા પાંચ દાયકામાં આપણી આ સંસ્થાએ એના વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતા પ્રામાણિક કાર્યકર્તાઓ દ્વારા કાળેકાળે ઉપસ્થિત થતાં સંકુલ પ્રશ્નોને હલ કરવામાં ઐતિહાસિક ને રોમહર્ષણ કામગીરી બજાવી છે, એમ એનો કડીબદ્ધ ને સીલસીલાં ઈતિહાસ વાંચતા અચૂક લાગશે. ઢાલની બીજી બાજુ પણ એટલી જ સાચી છે કે કોઈપણ સંસ્થા કે કોઈ રાષ્ટ્ર–કેવળ એની ભૂતકાલીન મૂડી ઉપર ઝાઝું ઝઝૂમી કે ટકી શકે નહીં.

વિશ્વના સમર્થ ઈતિહાસકાર ટૉયન્બીનું કહેવું છે કે સંસ્કૃતિઓનો વિકાસ 'ચેલેન્જ એન્ડ

રિસ્પોન્સ ’ ના નિયમને આધારે થાય છે. દરેક જમાનાને પોતાની ‘ ચેલેન્જ ’ હોય છે. આપણી સમક્ષ આજે એવી અનેક ‘ ચેલેન્જો ’ આવી પડી છે. જમાનાની તેજ રફતારમાં, કાળના કડછા નીચે અનેક પ્રસ્થાપિત મૂલ્યો ઉપરતળે થઈ રહ્યાં છે. હજ્જાર વર્ષનું ઇતિહાસનું નાટક છેલ્લા સો વર્ષમાં ભજવાઈ ગયું છે અને છેલ્લા સૈકાનું નાટક છેલ્લા દાયકામાં ભજવાઇ રહ્યું છે. આપણાં પ્ર-રક્ષક રુઢિતંત્રો અને રુચિતંત્રોમાં આમૂલ પરિવર્તન આવતું જાય છે. ક્ષિતિજો દિનપ્રતિદિન વિસ્તરતી જાય છે. હ્રસ્વમાંથી ભૂમા બન્યા સિવાય કોઇને ય ચાલવાનું નથી. જીવનના કોઈપણ ક્ષેત્રમાં શાહ-મૃગનીતિ ફાવવાની નથી. નક્કર વાસ્તવિકતાઓનો મર્દ પ્રતિકાર કર્યા વિના આપણો આરો કે ઉગારો જ નથી. આપણા આત્મરત આદર્શવાદની ભીંતો દોદળી બને તે પહેલાં પરલક્ષી, જગલક્ષી, વિશ્વ-લક્ષી વાસ્તવિકતાનો ઉઘાડો મુકાબલો કર્યા સિવાય સનાતન (!) મૂલ્યોની રક્ષા અને નવીન મૂલ્યોની પ્રસ્થાપના શક્ય નથી. વિકસતા વિશ્વ સાથે આપણે વિકસવું જ પડશે, અતંદ્ર જાગ્રતિપૂર્વક અને દિશાદોર ચૂકયા વિના.

વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ સાથે વિશ્વ નાનું બનતું જાય છે. આજે લોકોને લોક-સંઘમાં જ શ્રેય દેખાય છે. પ્રકૃતિથી, વિકૃત શિક્ષણથી ને સમાજના વિકૃત વલણથી આપણે સુખદુઃખના ખોટા ખ્યાલો ગાંઠે બાંધી, પ્રવાહપતિત જીવન જીવીએ છીએ. સાંકડો ધર્મ અને રાંકડો સમાજ, તરલ રાજકીય વિચારસરણી અને જટીલ લાગણીતંત્ર – કશાકનું અવલંબન સ્વીકાર્યા વિના આપણા જીવને ચેન પડતું નથી અને જીવનને ચાલના પ્રાપ્ત થતી નથી. આપણે દેવળની ઉપા-સના કરીએ છીએ ને સત્ત્વને છાંડીએ છીએ ને સત્યને ત્યજીએ છીએ. પહેલાં ધર્મના વિતંડાવાદ હતા, હવે રાજકીય વિચારસરણીઓના. પહેલાં ધર્મની હાક વાગતી, હવે સત્તાના ધર્મની. સત્યનું મુખ આજે તો અને ઢાંકણોથી ઢંકાઈ ગયું છે.

આવી મૂઢ ને સંભ્રમવાળી લાચાર પરિ-સ્થિતિમાં જીવનના નાના-મોટા કોઈપણ ક્ષેત્રમાં પડેલો આ સંસ્થાનો વિદ્યાર્થી સત્યનો સાચો સૈનિક બની રહે એ પણ એક મોટામાં મોટી દેશસેવા ને પ્રભુસેવા જ છે. આપણે ત્યાં રાજ-કીય અપરિકવતા છે, આર્થિક પછાતપણું છે, આપણું સાંઘિક જીવન દોદળું છે, આચાર-વિચાર-ની અસ્પૃશ્યતા છે, પણ આ સર્વથી ય જો મોટામાં મોટી કોઈ રાષ્ટ્રીય કટોકટી કે આપત્તિ હોય તો તે રાષ્ટ્રીય ચારિત્ર્યના અભાવની છે. પેસિફિકના ઊંડાણ જેટલી ગરીબાઈ અને માઉન્ટ એવરેસ્ટ જેટલું ઊંચુ અજ્ઞાન આપણી લોકશાહીના ઉપ-હાસ રૂપ છે. આપણે ઘણેઘણે મોરચે ઝઝૂમવાનું છે. આપણા સંસારરથનું એક ચક્ર દોદળું ને આડું છે. વિદ્યાપ્રાપ્તિ અને વ્યવસાય અંગે વિદેશગમનનું ફલક વિસ્તૃત થતાં આપણા સામાજિક જીવનને નૂતન પરિમાણ લાધ્યું છે. હજી જૂના પ્રશ્નો પ્રમાણમાં હલ થયા નથી અને નવા પ્રશ્નો જન્મી ચૂક્યા છે. નવી સંપત્તિએ સંસ્કાર સંક્રમણના ઉષ:કાળે કેટલાક સામાજિક પ્રશ્નોને નવી ધાર આપી છે. શિક્ષણના વ્યાપ સાથે નૂતન અપેક્ષાઓ અને બેકારીનો જન્મ થયો છે. તો બીજી બાજુ અનેક ક્ષેત્રોમાં યોગ્ય વ્યક્તિઓની અસ્સલ ઊણપ વરતાય છે. સુસંગતાના અભાવથી એક પણ ક્ષેત્ર

મુક્ત કે બાકાત નથી. આપણે આ બધાનો વિચાર કરવાનો છે.

કેળવણી કે સંસ્કારનું વિતરણ કરતી કોઈ પણ નાની મોટી સંસ્થાનું ગાડું સરકારી ગ્રાન્ટ વિના આગળ ચાલતું નથી એ દેશની દુર્દશા છે; કેમકે સરકારી ગ્રાન્ટ એ કોઈ સંન્યાસીની નિઃસ્પૃહતા નથી. એની પાછળ અનેક ગૂંચો અને ઘાંચો હોય છે. વિચાર અને કાર્યનું સ્વાતંત્ર્ય જ્યાં જોખમાય ત્યાં તેજસ્વિતા પ્રગટે નહીં. અમેરિકા જેવા દેશમાં તો ફોર્ડ ફાઉન્ડેશન દ્વારા આવા પ્રશ્નો સહજ રીતે હલ થતા હોય છે. આપણે ત્યાં આ અશક્ય નથી જ. એ ન બને ત્યાં સુધી સંસ્થાનો આર્થિક ગોવર્ધન એના હજ્જારો ગોવાળિયાઓએ ધારણ કરવો જોઈએ. દા. ત. આ સંસ્થામાં આશરે દશહજાર વિદ્યાર્થીઓ ભણી ગયા-એમાંના કેવળ દશ ટકા-એટલે કે હજાર વિદ્યાર્થીઓ વરસ દહાડે સો રૂપિયા જેવી નજેવી રકમ સંસ્થાને ચરણે ધરે તોય સહેજે એક લાખ રૂપિયા જેવી માતબર રકમ એકઠી થાય.

આપણા આ પરિવારમાં પાર્લામેન્ટના અને ધારાસભાના પીઢ-પ્રૌઢ સભ્યો છે, તો ધારદાર દલીલોથી ન્યાયાલય ગજવતા અને સંતુલિત બુદ્ધિથી ન્યાય તોળતા વકીલો—ન્યાયાધીશો પણ છે. સમાજની શરીર સંપત્તિ સાચવતા-સંવર્ધતા ડૉકટરો છે. તો ચીપી ચીપીને ઝીણી વાત સમજાવતા શિક્ષકો-અધ્યાપકો અને પ્રોફેસરો પણ છે. ઘાટઘાટનાં પાણી પીધેલા અનુભવડાહ્યા વેપારીઓ છે, તો જંગલમાં મંગલ કરનાર ઈજનેરો પણ છે. મોટી મોટી સંસ્થાઓ-પેઢીઓનો વહીવટ કરનાર દક્ષ વહીવટકર્તાઓ છે, તો લીલી હરીયાળી ક્રાંતિ સર્જનાર 'જગતના તાત' પણ છે. કાળજીપૂર્વક સ્પષ્ટ અક્ષરે ચોખો હિસાબ રાખનાર કારકૂનો છે તો **शरीरमाद्य खलु धर्म साधनम्।** નો મંત્ર સમાજને સક્રિય રીતે સમજાવનાર પણ છે. અહીં ભૂતકાલને વાગોળનાર, વર્તમાનને પ્રવૃત્તિથી ભરી દેનાર અને ભવ્ય ભાવિના જન્મની પ્રતીક્ષા કરનાર બધા જ પ્રકારના આત્મા છે. એમાં કોઈ ઊંચ નથી, નીચ નથી. શેઠ નથી, સેવક નથી. સૌ પોતપોતાના ઈલાકાના 'હાકેમ છે.' પણ અહીં આ માતૃસંસ્થાને ખોળે તો સૌ સમાન જ છે.

[ અર્ધ શતાબ્દી મહોત્સવ પ્રસંગે પરિવાર સંમેલનમાં આપેલ 'મંગળ પ્રવચન' માંથી તા. ૨-૫-૭૦ ]

---

[ અનુસંધાન પાન ૧૪ ચાલુ ]

સાથે વાર્તાલાપ વગેરે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એકાદ કલાક સંસ્થાની પ્રવૃત્તિઓ નજરે જોવાનો કાર્યક્રમ હતો. આપણી સામાન્ય સંસ્થાની મુલાકાતે જગતના શ્રેષ્ઠ પુરુષ આવે અને બાળકો તથા જન સમુદાય તેમનાં દર્શનો નલાભ મેળવી શકે એ બીના આજે મને સ્વપ્નવત્ લાગે છે.

મહાત્માજીની પધરામણી સાદી સરળ અને પ્રેરણાદાયી હતી. કડી ગામ, કડી તાલુકાના પ્રજાજનો મહાત્માજીની એ મુલાકાતને પોતાના જીવનના એક ધન્ય પ્રસંગ તરીકે આજે પણ યાદ કરે છે.

---



આશ્રમનું મકાન જ્યાં શરૂમાં શાળા બેસતી. 'શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાનગંગા જ્યાં વહે.'

# સંસ્થાનો મધ્ય કલાપ


મોહનલાલ બા. પટેલ (આચાર્ય)

શા. ર. શેઠશ્રી પ્રા. મ. સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ - કડી


આ સંસ્થામાં જ્ઞાનનું ભાથું મેળવીને જીવનના વિશાળ ક્ષેત્રમાં પ્રવેશ્યા પછી સંસ્થા પરિવારના ઘણા સભ્યો આજે મોભાદાર વડીલો બનીને પુત્રો પૌત્રો સહિત વિશાળ કુટુંબના માર્ગદર્શક પણ બની ચૂકયા હશે. સંસ્થાએ ત્રણ વર્ષ અગાઉ વન પ્રવેશ કર્યો છે એટલે આ હકીકત સ્વાભાવિક છે. સંસ્થામાંથી વિદાય લીધા પછી પરિવારના કેટલાક સભ્યો અનેક જવાબદારીઓના વહનના ભાર નીચે ઘણાં વર્ષોથી આ પાવન ધરતી ઉપર ન આવી શકયા હોય એમ બને. ઈ. સ. ૧૯૭૦ના મે મહિનામાં સંસ્થાના પરિવારનું એક ભવ્ય સંમેલન યોજાયું હતું. એ સમયે પણ સંજોગોવશાત સંસ્થા પરિવારના કોઈક સભ્યો હાજરી આપી શકયા નહીં હોય. આ સભ્યો માતૃસંસ્થાની પ્રગતિ જાણવા આતુર હોય એ સ્વાભાવિક છે. એવા સ્વજનો જોગ સંસ્થા પ્રગતિની કેટલીક માહિતી અહીં આપું છું.

